Volume : 2 | Issue : 4 | April 2013 ISSN - 2250-1991

Research Paper Social Science

# Surendranagar Jilla na Bhavi Aarthik Vikasma Aantarmalkhakiya Suvidhaoni Bhumika

## સુરેન્દ્રનગર જિલ્લાના ભાવિ આર્થિક વિકાસમાં આંતરમાળખાકીય સુવિધાઓની ભૂમિકા

* Parsaniya Rajnikant P

* Main Post Chudva, Ta. Manavadar, Junagadh Pin - 362640

**ABSTRACT**

૨૧મી સદીમાં બધા જ દેશોએ પછી તે વિકસિત હોય કે અલ્પવિકસિત હોય આ આર્થિક વિકાસની વિચારધારાનો સર્વાનુમતે સ્વીકાર કર્યો છે. એકવીસમી સદીના પ્રથમ બે દાયકામાં ભારતને આર્થિક રીતે વિકસિત દેશોની સમક્ષ લાવવા માટેની ઈચ્છા અને તે માટેનાં પ્રયત્નો સતત થઈ રહ્યાં છે. ત્યારે વિકસિત દેશની હરોળમાં દેશના અર્થતંત્રને લઈ જવા કોઈ એક કાર્યના વિકાસથી તે શકય બની શકે તેમ નથી. ભારતમાં મુખ્યત્વે કૃષિક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે અને સેવાક્ષેત્રના વિકાસ દ્વારા આર્થિક વિકાસની ગતીને વેગ આપી શકાય તેમ છે. આર્થિક વિકાસની દ્રષ્ટિએ ગુજરાતનું આગવું સ્થાન છે. જેની પાછળનું મુખ્ય કારણ આપણે આંતરમાળખું જોઈ શકાય છે. પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાનો આર્થિક વિકાસની દ્રષ્ટિએ પછાત જિલ્લામાં સમાવેશ થાય છે. ભવિષ્યમાં સુરેન્દ્રનગર જિલ્લાને આર્થિક વિકાસની દ્રષ્ટિએ અન્ય વિકસિત જિલ્લાઓની હરોળમાં મૂકવા માટે જિલ્લામાં આર્થિક વિકાસની પ્રક્રિયા કયા દરે સિદ્ધ કરવી પડશે તેમજ આર્થિક વિકાસ માટે કયા પ્રકારે આંતરમાળખાકીય સુવિધાઓની આવશ્યકતા રહેશે. સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં કયા દરે વધારો કરવો પડશે તેની જાણકારી અગાઉથી જ હોય તો તે અનુસાર જિલ્લાનું ભવિષ્યનું આયોજન ગોઠવી શકાય છે.

**અભ્યાસના હેતુઓ:**

૧. સુરેન્દ્રનગર જિલ્લાનો છેલ્લા દશકાની આથિ×ક વિકાસની સ્થિતિ જાણવી.
૨. સુરેન્દ્રનગર જિલ્લાના છેલ્લા દશકાની આંતરમાળખાકીય સ્થિતિ તપાસવી.
૩. સુરેન્દ્રનગર જિલ્લાના આથિ×ક વિકાસમાં આંતરમાળખાકીય ભૂમિકા તપાસવી.
૪. સુરેન્દ્રનગર જિલ્લાના ભાવિ(૨૦૨૫) ના સંદભ×માં આર્થિક વિકાસ માટે જરૂરી આં તરમાળખાનું પ્રમાણ જાણવું.

**સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી વિષયક માહિતી:**

વસ્તી વૃદ્ધિદર એ કોઈપણ દેશ રાજય કે જિલ્લાના વિકાસને અસરકરનાર મહત્ત્વનું પરિબળ છે. જેથી ભારતનો છેલ્લા દાયકાનો વસ્તી વૃદ્ધિદર (૨૦૦૧ થી ૨૦૧૧ ) માં ૧૭.૬૪ % રહ્યો છે. જયારે ગુજરાત રાજયનો વસ્તી વૃદ્ધિદર ૧૯.૭૪ % નો રહ્યો છે. જયારે સુરેન્દ્રનગર જિલ્લાનો વસ્તી વૃદ્ધિદર ૧૫% નો રહ્યો છે. આ ઉપરાંત ભવિષ્યમાં સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી વિષયક સ્થિતિ કયા પ્રકારની રહેશે તેના આધારે વિવિધ પ્રકારની આંતરમાળખાકીય સુવિધાઓમાં કયા દરે વધારો કરવો પડશે તેની જાણકારી મેળવી શકાય છે તેથી સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી વિષયક માહિતીની સ્થિતિ નીચેના ટેબલ નં. ૧ પરથી જાણી શકાય છે.

ટેબલ–૧ સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી વિષયક માહિતી:

| ક્રમ | વસ્તીની વિગત | 2001 | 2011 | 2021 | 2025* |
|---|---|---|---|---|---|
| ૧ | વસ્તી | 1515148 | 1755873 | 1930163 | 2025764 |
| ૨ | પુરૂષો | 787650 | 920266 | 983087 | 1022410 |
| ૩ | સ્ત્રીઓ | 727489 | 845607 | 947080 | 1003354 |
| ૪ | દશકાની વસ્તી વૃદ્ધિદર(સંખ્યા) | 306276 | 240725 | 174294 | 95597 |
| | દશકાની વસ્તી વૃદ્ધિદર(ટકામાં) | 25.3 | 15.89 | 10 | 10 |
| ૫ | પુરૂષોનો વૃદ્ધિદર (સંખ્યામાં) | 158481 | 122616 | 72821 | 39323 |
| | પુરૂષોનો વૃદ્ધિદર (ટકામાં) | 25.2 | 12.66 | 8 | 8 |
| ૬ | સ્ત્રીઓનો વૃદ્ધિદર (સંખ્યામાં) | 147795 | 118118 | 101473 | 116274 |
| | સ્ત્રીઓનો વૃદ્ધિદર (ટકામાં) | 25.5 | 16.23 | 12 | 12 |
| ૭ | વિસ્તાર (ચો.કિ. માં) | 10489 | 10489 | 10489 | 10489 |
| ૮ | વસ્તી ગીચતા (ચો.કિ. માં વ્યકિત) | 144 | 167 | 184 | 193 |
| ૯ | જાતિ ગુણોતર દર (૧૦૦૦ પુરૂષદીઠ સ્ત્રીઓ) | 924 | 929 | 964 | 981 |
| ૧૦ | સાક્ષરતાદર (સંખ્યામાં) | 781155 | 1113674 | 1683106 | 1863702 |
| | સાક્ષરતાદર (ટકામાં) | 61.6 | 73.19 | 87.2 | 92 |
| ૧૧ | પુરૂષોનો સાક્ષરતાદર (સંખ્યામાં) | 487094 | 656290 | 923118 | 961065 |
| | પુરૂષોનો સાક્ષરતાદર (ટકામાં) | 74.2 | 83.47 | 93.9 | 94 |
| ૧૨ | સ્ત્રીઓનો સાક્ષરતાદર (સંખ્યામાં) | 294061 | 457384 | 761452 | 903018 |
| | સ્ત્રીઓનો સાક્ષરતાદર (ટકામાં) | 48.1 | 62.20 | 80.4 | 90 |
| ૧૩ | ગ્રામીણ વસ્તી | 1112700 | 1258880 | 1327282 | 1341420 |
| ૧૪ | શહેરી વસ્તી | 402448 | 436993 | 612885 | 684343 |

**પ્રાપ્તિ સ્થાન:**
(૧) સામાજિક–આર્થિક સમીક્ષા – ૨૦૧૧–૧૨ ગુજરાત રાજય પેજ–૨૨ થી ૨૫
(૨) માહિતી વિશ્લેષણના આધારે ૭૫ વર્ષનો વધારો દશા×વે છે.

ટેબલ નં. ૧ માં જોઈ શકાય છે કે ભવિષ્યમાં (૨૦૨૫) સુરેન્દ્રનગર જિલ્લાનો વસ્તી વૃદ્ધિદર દશકાનો ૧૦ % ની આસપાસ રહેશે. અર્થાત સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર ૧% ની આસપાસ રહેશે. સાક્ષરતા ૯૪ % જેટલો થશે. ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વસ્તી વધારો થશે. તો તેને અનુરૂપ જિલ્લામાં આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ થાય તે જરૂરી બની રહે છે. જે માટે છેલ્લાં દશકનો આંતરમાળખાકીય વિકાસ કયા પ્રકારનો રહ્યો છે અને ભવિષ્યમાં કયા દરે તેમાં વધારો કરી શકાય તેમ છે અથવા કરવો જોઈએ તે જાણવું આવશ્યક બની રહે છે, જેથી જિલ્લાનો આર્થિક વિકાસ ઝડપથી કરી શકાય છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં આંતરમાળખાકીય વિકાસની સ્થિતિ:**

પ્રસ્તુત અભ્યાસમાં આંતરમાળખા અંતર્ગત આર્થિક અને સામાજિક આંતરમાળખા સુવિધઢ ાઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમાંથી અભ્યાસ માટે આર્થિક આંતરમાળખામાંથી ઉર્જા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને બેંકિંગ ક્ષેત્રનો સમાવેશ કર્યો છે તેમજ સામાજિક આં તરમાળખાકીય સુવિધાઓમાં શિક્ષણ, આરોગ્ય, આવાસ અને મનોરંજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેઓની છેલ્લાં દશકાની વિકાસની શિક્ષણ પરથી ભવિષ્યના વિકાસ અંગેની સ્થિતિ મેળવવામાં આવી છે.

ટેબલ–૧ સુરેન્દ્રનગર જિલ્લાની વસ્તી વિષયક માહિતી:

| ક્રમ | વિગત | 2001 | 2011 | 2021 | 2025 |
|---|---|---|---|---|---|
| ૧ | વાહન વ્યવહાર (રસ્તાઓ કિ.મી. માં) | 3511 | 3826 | 4202 | 4612 |
| ૨ | કુલ ટપાલ કચેરીઓ | 329 | 408 | 507 | 526 |
| ૩ | ટેલિફોન સુવિધા ધરાવતા ગામો | 395 | 600 | 650 | 650 |
| ૪ | વીજળીનું કુલ વેચાણ (એમયુએસ) | 370.79 | 508.75 | 709.48 | 853.34 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વાણિજય બેંકોની કચેરીઓ | 58 | 109 | 204 | 292 |
| ૬ | સહકારી બેંકોની કચેરીઓ | 18 | 22 | 26 | 28 |
| ૭ | અન્ય ધિરાણ મંડળીઓ | 612 | 1489 | 1556 | 1889 |
| ૮ | પ્રાથમિક શાળાઓ | 800 | 989 | 1223 | 1340 |
| ૯ | માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ | 113 | 285 | 718 | 1263 |
| ૧૦ | ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ | 02 | 12 | 24 | 38 |
| ૧૧ | અન્ય સંસ્થાઓ | 04 | 06 | 09 | 12 |
| ૧૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | 08 | 12 | 16 | 18 |
| ૧૩ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | | 31 | | |

પ્રાપ્તિ સ્થાનઃ જિલ્લાની આંકડાકિય રૂપરેખા ૨૦૧૦–૨૦૧૧ પેઈજ નંબર ૫૦–૯૦

ઉપરોકત કોષ્ટકમાં વિવિધ ક્ષેત્રનો છેલ્લા દસકાનો વૃદ્ધિદર (૨૦૦૧–૨૦૧૧) પરથી ભવિષ્યના વૃદ્ધિદર મેળવીને સ્થિતિ દર્શાવવામાં આવી છે. જેના પરથી જાણી શકાય કે વિવિધ પ્રકારના ક્ષેત્રો પરથી ભવિષ્યમાં કયા પ્રકારની સ્થિતિ રહેશે.

અભ્યાસના મુખ્ય તારણોઃ–
પ્રસ્તુત સંશોધન અભ્યાસના મુખ્ય તારણો નીચે મુજબ જોવા મળે છે.

૧. સુરેન્દ્રનગર જિલ્લાનો ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીનો વસ્તી વૃદ્ધિદર ૧૫% જોવા મળ્યો છે. જે ૨૦૧૧ થી ૨૦૨૫ સુધીમાં વાર્ષિક સરેરાશ વૃદ્ધિદર ૧ % ના દરે વધવાની સંભાવના રહેલી છે.
૨. સુરેન્દ્રનગર જિલ્લાના સાક્ષરતાદરમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ૨૦૦૧ નો સાક્ષરતાદર ૬૧.૬% હતો જે વધીને ૨૦૧૧ માં ૭૩.૧૯ % થયો છે. જે ૨૦૨૫ સુધીમાં વધીને ૯૨ % થવાની શકયતા રહેલી છે.
૩. સુરેન્દ્રનગર જિલ્લાની ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે વસ્તી ગીચતા ૧૪૪ હતી. જે વધીને ૨૦૧૧ માં ૬૭ થઈ છે જે ૨૦૨૫ સુધીમાં ૧૯૩ થવાની સંભાવના રહેલી છે.
૪. સુરેન્દ્રનગર જિલ્લામાં વાહન વ્યવહાર અને રસ્તાઓની સ્થિતિ ૨૦૦૧ ના સંદભે ૨૦૧૧ માં દસકાનો વૃદ્ધિદર ૮ % જોવા મળેલ છે સ્ટાન્ડડ વિકાસદર હાંસલ કરવા માટે ૨૦૨૫ સુધીમાં ૧૨% જેટલો વધારો થવો જોઈએ.
૫. સુરેન્દ્રનગર જિલ્લામાં હાલમાં ૨૧૪ કિ.મી. રેલ્વે લાઈન આવેલી છે. ૨૪ રેલ્વે સ્ટેશનો આવેલા છે. ૧ રેલ્વે જંકશન અને માલ પરિવહન રેલ્વેલાઈન આવેલી છે. જે મુખ્યત્વે મીઠાના પરિવહન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
૬. સુરેન્દ્રનગર જિલ્લામાં સંદેશાવ્યવહાર ક્ષેત્રે છેલ્લા એક દસકામાં (૨૦૦૧–૨૦૧૧) સુધીમાં ૧૩% જેટલો વિકાસ દર જોવા મળેલ છે. જેમાં ખાસ કરીને ઈન્ટરનેટ સેવા, કુરીયર, સ્પીડ પોસ્ટ, મોબાઈલ સેવા વગેરેનો સમાવેશ થાય છે. સ્ટાન્ડડ✖ વિકાસ દર માટે સંદેશાવ્યવહાર માટે ૧૭% જેટલો વિકાસ દર હોવો જોઈએ.
૭. સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ વપરાશમાં ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં દસકામાં ૩૭.૫% વૃદ્ધિદર જોવા મળેલ છે જેમાં ૨૦૨૦ સુધીમાં ૪૦% નો વધારો તેમજ ૨૦૨૦ પછી વાર્ષિક સરેરાશ વૃદ્ધિદર ૫% વીજવપરાશનો રહેશે.
૮. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા દશકામાં વાણિજય બેંકોની સંખ્યામાં ૯૦% જેટલો વધારો જોવા મળેલ છે.
૯. સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં ૪૦.૯૮ % નો વધારો જોવા મળેલ છે. જે ભવિષ્યમાં ૩૪.૩૯ % નો વૃદ્ધિદર રહેશે.
૧૦. જિલ્લામાં આરોગ્ય વિષયક સંસ્થાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧૨ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૩૬ છે. તેમાંથી ૩૧ કાર્યરત છે.
૧૧. સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૭.૯ % કુટુંબો કાયમી મકાનોમાં રહે છે. ૨૩.૪ % કુટુંબો અર્ધકાયમી મકાનમાં રહે છે. જયારે ૮.૮ % કુટુંબો કામચલાઉ મકાનમાં રહેતા જોવા મળેલ છે.
૧૨. સુરેન્દ્રનગર જિલ્લામાં મનોરંજન માટેના સ્થળોમાં મુખ્યત્વે સ્થળો ધાર્મિક તેમજ સાંસ્કૃતિક(મેળાઓ) છે. ફરવાલાયક સ્થળોનું પ્રમાણ ઓછું છે.
૧૩. સુરેન્દ્રનગર જિલ્લાનો આર્થિક વિકાસનો દર નીચો જોવા મળ્યો છે. જેમાં કૃષિક્ષેત્રે સિંચાઈની અપૂરતી સવલતો(૧૮%) હતી. ઉદ્યોગ વિકાસનો દર નીચો જોવા મળેલ છે. તેમજ આંતરમાળખાકીય ક્ષેત્રે રોકાણનું ઓછું પ્રમાણ વગેરે જવાબદાર છે.

અભ્યાસના આધારે મુખ્ય સૂચનોઃ

૧. સુરેન્દ્રનગર જિલ્લાનો સરેરાશ વાષિક વસ્તી વૃદ્ધિદર ૧% ની આસપાસ રહેશે. જે અનુસાર આંતરમાળખાકીય સુવિધાઓ વધારો કરવાની આવશ્યકતા રહેશે.
૨. જિલ્લામાં સાક્ષરતાદર ૯૦% સુધી રહેશે. તો તે અનુસાર વિવિધ પ્રકારની શાળાઓ, શિક્ષકો અને માળખામાં વધારો કરવો પડશે.
૩. ૨૦૧૧ માં સુરેન્દ્રનગર જિલ્લામાં શહેરી વસ્તીનું પ્રમાણે ૨૮.૩% છે જે વધીને ૨૦૨૫ સુધીમાં ૩૩.૭૮ % થશે. તો તે અનુસાર શહેરી આંતરમાળખાના વિકાસમાં વધારો કરવો પડશે.
૪. જિલ્લામાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ વધતું જાય છે. તો તે અનુસાર શિક્ષિત રોજગારી વધે તેવું આયોજન અપનાવવું પડશે.
૫. વાહન વ્યવહાર ક્ષેત્રે રસ્તા, રેલ્વે, હવાઈ, જળમાર્ગ વગેરેનો વિકાસ થાય તે પ્રકારની કામગીરી હાથ ધરવી જોઈએ.
૬. સંદેશાવ્યવહાર ક્ષેત્રે પોસ્ટઓફિસ, ટેલીફોન, મોબાઈલ સેવા, ઈન્ટરનેટ સેવા વગેરેના વિકાસ સંબંધિત આયોજન અપનાવવું જોઈએ.
૭. જિલ્લામાં વીજ ઉત્પાદન માટે સૌરઉર્જા, પવન ઉર્જા અને પાણી ઉર્જા માટેની તક રહેલી છે જેનો વિકાસ કરવો ખૂબ જ આવશ્યક છે.
૮. બેંકિંગ ક્ષેત્રે ગુણવત્તાલક્ષી સેવાઓમાં વધારો કરવાની આવશ્યકતા રહેલી છે. જેમાં આધુનિક સમયમાં આવેલા પરિવતન અનુસાર બેંકિંગ માળખામાં પરિવર્તન કરવાની આવશ્યકતા રહેલી છે.
૯. સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો કરવાની આવશ્યકતા રહેલી છે.
૧૦. જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓ આવાસ અને મનોરંજન સંબંધિત સેવાઓનો વિકાસ કરવો જોઈએ.
૧૧. જિલ્લાનો આર્થિક વિકાસદર ઉંચો લઈ જવો હશે તો વિવિધ પ્રકારની આંતરમાળખાકીય સુવિધાઓનો પ્રમાણમાં વધારો કરવો આવશ્યક બની રહે છે.

સારાંશઃ
આર્થિક વિકાસ અને કૃષિક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્ર અને સેવાક્ષેત્રના સંયુકત વિકાસને આભારી છે. પરંતુ આંતરમાળખાકીય સેવાઓનો તેમાં સિંહફાળો રહેલો છે. સુરેન્દ્રનગર જિલ્લાના આંતરમાળખાકીય સુવિધાઓમાં જેટલું વધારે મૂડી રોકાણ કરવામાં આવશે તેટલો ઝડપથી આર્થિક વિકાસદર હાંસલ કરી શકાશે. અને તે અનુસાર જિલ્લામાં આંતરમાળખાકીય સુવિધાઓ વધી શકશે.

## REFERENCES

સામાજિક આર્થિક સમીક્ષા – ગુજરાત રાજય, ૨૦૧૧–૨૦૧૨. સુરેન્દ્રનગર જિલ્લા આંકડાકીય માહિતી, ૨૦૧૦–૨૦૧૧.